11. 'લેખાનુદાન' અને 'વચગાળાનું અંદાજપત્ર' વચ્ચે શું તફાવત છે ? તે સંદર્ભે નીચેના પૈકી કયા/કયું વિધાન/વિધાનો સાચાં છે તે જણાવો.
    1. લેખાનુદાનની જોગવાઈનો ઉપયોગ નિયમિત સરકાર કરે છે, જ્યારે વચગાળાના અંદાજપત્રની જોગવાઈનો ઉપયોગ કામચલાઉ સરકાર કરે છે.
    2. લેખાનુદાન સરકારી અંદાજપત્રમાં, માત્ર ખર્ચ સાથે સંબંધિત છે, જ્યારે વચગાળાના અંદાજપત્રમાં તે ખર્ચ અને આવક બંને સાથે સંબંધિત છે.
    નીચેના સંકેતમાંથી સાચો જવાબ પસંદ કરો.
    (A) ફક્ત 1  <u>(B) ફક્ત 2</u>
    (C) 1 અને 2  (D) ઉપરોક્તમાંથી એક પણ નહીં
    (Lecturer, Agadatantra and Vidhi Vaidak, Class-II, Dt. 04-02-2018)

12. રાજ્યના મુખ્યમંત્રી નીચેની પૈકી કઈ કાર્યવાહી અખિલ ભારતીય સેવાઓના (ઓલ ઈન્ડિયા સર્વિસીસ) સભ્યો સામે કરી શકે છે ?
    (A) સરકારી કર્મચારીનું નિષ્કાસન (Removal)
    (B) સરકારી કર્મચારીની બરતરફી (Dismissal)
    (C) સરકારી કર્મચારીની પાયરીમાં ઉતાર (Reduction in Rank)
    <u>(D) સરકારી કર્મચારીનું નિલંબન (Suspension)</u>
    (Lecturer, Agadatantra and Vidhi Vaidak, Class-II, Dt. 04-02-2018)

13. નીચેના પૈકી કયા મૂળ તત્ત્વોને નાગરિક ઘોષણાપત્રમાં સામેલ કરવામાં આવે છે ?
    1. સંસ્થા દ્વારા લેવડદેવડ કરેલ વ્યવસાયની વિગતો
    2. સેવાઓ આપી હોય તે ગ્રાહકની વર્ગની વિગતો
    3. દરેક ગ્રાહકના જૂથને પૂરી પડવામાં આવેલી
    4. ગ્રાહકો પાસે અપેક્ષા
    નીચેના સંકેતોમાંથી સાચો જવાબ પસંદ કરો.
    (A) ફક્ત 1  (B) 1, 2 અને 3
    (C) 2, 3 અને 4  <u>(D) 1, 2, 3 અને 4</u>
    (Lecturer, Agadatantra and Vidhi Vaidak, Class-II, Dt. 04-02-2018)

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 26. વિશ્વ

1. નીચેના પૈકી કયું ધાન્ય અમેરિકાની વિશ્વને સૌથી મોટી ભેટ ગણાય છે ?
(A) મકાઈ (B) ચોખા
(C) ઘઉં (D) ઉપરોક્તમાંથી કોઈ નહીં
(Assistant Charity Commissioner, Class-I, Dt. 05-08-2018)

2. ________ તમિલનાડુ રાજ્ય અને ટાપુ રાષ્ટ્ર શ્રીલંકાના ઉત્તર પ્રાંતના મન્નાર જિલ્લા વચ્ચેની સામુદ્રધુની છે.
(A) પાક સામુદ્રધુની (B) વોક સામુદ્રધુની
(C) ટોક સામુદ્રધુની (D) બાક સામુદ્રધુની
(Lecturer, Samhita Siddhant, Class-I, Dt. 27-05-2018)

3. તાજેતરમાં કયા દેશે પોતાનું નામ બદલીને 'કિંગડમ ઓફ ઈસ્વાતીની' રાખ્યું છે ?
(A) માલાવી (B) સ્વાઝીલેન્ડ
(C) બોત્સવાના (D) ઝિમ્બાબ્વે
(Lecturer, Samhita Siddhant, Class-I, Dt. 27-05-2018)

4. સંયુક્ત આરબ અમીરાત ________નું સંઘ છે.
(A) 5 અમીરાત (B) 6 અમીરાત
(C) 7 અમીરાત (D) ઉપરના પૈકી કોઈ નહીં
(Lecturer, Samhita Siddhant, Class-I, Dt. 27-05-2018)

5. વોક ફ્રી ફાઉન્ડેશન (Walk Free Foundation) દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ વૈશ્વિક ગુલામી પ્રથા સૂચકાંક અંતર્ગત, નીચેના પૈકી કયો દેશ સૌથી વધુ આધુનિક ગુલામીપ્રથા ધરાવે છે ?
(A) UAE (B) સાઉદી અરેબિયા
(C) દક્ષિણ આફ્રિકા (D) ઉત્તર કોરિયા
(Director, Libraries, Class-1, Dt. 16-09-2018)

6. પૃથ્વી પર સૌથી વધારે જંગલ વિસ્તાર ધરાવતો કયો દેશ છે ?
(A) ભારત (B) અમેરિકા
(C) ચીન (D) રશિયા
(Industries Officer / Manager, Class-2, Dt. 19-08-2018)

7. દુનિયાનું પ્રથમ તરતું ન્યુક્લીયર પાવર સ્ટેશન (Floating nuclear power station) કયા દેશ દ્વારા બનાવવામાં આવેલ છે ?
(A) જાપાન (B) અમેરિકા
(C) રશિયા (D) ચીન
(Industries Officer / Manager, Class-2, Dt. 19-08-2018)

8. કલાત્મક રીતે ફૂલોની ગોઠવણી કરવાની પદ્ધતિ (Decorative art of arrangement of flowers - Ikebana) "આયકેબાના" કયા શરૂ કરવામાં આવેલ હતી ?
(A) કેરળ (B) મિઝોરમ
(C) જાપાન (D) અરૂણાચલ પ્રદેશ
(Industrial Promotion Officer, GSS, Class-2, Dt. 04-11-2018)

9. નીચેના પૈકી કયા બે દેશોએ ગલ્ફ એસોસિએશન કાઉન્સિલથી અલગ આર્થિક અને ભાગીદારી જૂથની રચના કરી છે ?
(A) યુએઈ અને સાઉદી અરેબિયા (B) યુએઈ અને ઓમાન
(C) સાઉદી અરેબિયા અને કતાર (D) ઓમાન અને કતાર
(Lecturer, Kaya Chikitsa, Class-II, Dt. 28-01-2018)

10. પ્રમુખ પુટિન દ્વારા નીચેના પૈકી કોને રશિયાના વડાપ્રધાન તરીકે જાળવી રાખવામાં આવ્યા હતાં ?
(A) સરગી કિરીયેન્કો (B) દિમિત્રિ મેદવવ
(C) વિક્ટોર ઝુબ્ખોવ (D) ઉપરના પૈકી કોઈ નહીં
(Lecturer Rachna Sharir, Class-1, Dt. 03-06-2018)

11. યુ.એસ.એ. બાદ નીચેના પૈકી કયા દેશે યરૂશાલમ ખાતે પોતાની એલચી કચેરી ખોલી છે ?
(A) ગ્વાટેમાલા (B) પાપુઆ ન્યુ ગિની
(C) હોન્ડુરાસ (D) ઉપરના પૈકી કોઈ નહીં
(Lecturer Rachna Sharir, Class-1, Dt. 03-06-2018)

12. વિશ્વના મોટા ભાગના ગરમ રણ કયા અક્ષાંશ વચ્ચે આવેલાં છે ?
(A) $0^0$ - $5^0$ (B) $5^0$ - $15^0$
(C) $15^0$ - $30^0$ (D) $30^0$ - $50^0$
(GPSC Gujarat Administrative Service, Class-I Dt. 04-6-17)

13. ભૂમધ્ય પ્રકારની આબોહવાની લાક્ષણિકતા શું છે ?
(A) સમગ્ર વર્ષ દરમિયાન વરસાદ
(B) ભીનો શિયાળો અને શુષ્ક ઉનાળો
(C) ઉનાળા દરમિયાન મહત્તમ વરસાદ
(D) સમગ્ર વર્ષ દરમિયાન અપૂરતો વરસાદ
(GPSC Gujarat Administrative Service, Class-I Dt. 04-6-17)

14. હોરમૂઝની સમુદ્રધુની કોની વચ્ચે આવેલી છે ?
(A) રાતો સમુદ્ર અને ભૂમધ્ય સમુદ્ર
(B) અરબી સમુદ્ર અને રાતો સમુદ્ર
(C) પર્શિયાના અખાત અને ઓમાનના અખાત
(D) જાવા અને સુમાત્રા
(GPSC Gujarat Administrative Service, Class-I Dt. 04-6-17)

15. 'હિમાદ્રી સ્ટેશન' ક્યાં આવેલ છે ?
(A) એન્ટાર્કટિકા (B) સિયાચીન
(C) આર્કટિક પ્રદેશ (D) સિમલા
(Assistant Professor, Gujarati, Dt. 05-02-17)

16. ચાશ્મા–3 (Chasma-III) એ કયા દેશનો આણ્વિક પ્લાન્ટ છે ?
(A) ચીન (B) જાપાન
(C) દ. કોરિયા (D) પાકિસ્તાન
(Assistant Professor, Gujarati, Dt. 05-02-17)

17. નીચે આપેલ કયા દેશોના સમૂહમાંથી – વિષુવવૃત્ત પસાર થાય છે ?
(A) બ્રાઝિલ, ઝાંબીયા (B) કોલંબિયા, કેન્યા
(C) બ્રાઝિલ, સુદાન (D) ઈથોપિયા, ઈન્ડોનેશીયા
(Assistant Professor,International Engineering, Dt.18-3-17)

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 28. વિશેષ પ્રશ્નો

1. નીચેના પૈકી કયો વિભાગ કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રાલયમાં સમાવિષ્ટ નથી ?
(A) ભૂમિ સંશાધન વિભાગ
(B) કૃષિ સંશોધન અને શિક્ષણ વિભાગ
(C) કૃષિ સહકારિતા અને કિસાન કલ્યાણ વિભાગ
(D) પશુપાલન, ડેરી અને મત્સ્યપાલન વિભાગ
(Lecturer, Kaya Chikitsa, Class-I, Dt. 06-05-2018)

2. 'બહુજન હિતાય બહુજન સુખાય' એ સૂત્ર .......... નું છે ?
(A) All India Radio (આકાશવાણી)
(B) ક્રાફટ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા (Craft Council of India)
(C) ICCR
(D) સાહિત્ય અકાદમી
(Director, Libraries, Class-1, Dt. 16-09-2018)

3. ગૃહ મંત્રાલયે (MHA) ખાસ કામગીરી માટે 'વિશેષ સંચાલન ચંદ્રક' (Special Operation Medal) મંજૂરી આપી છે. તે ઉપરાંત ત્રણ વધુ ચંદ્રકોની સ્થાપના કરી છે તે નીચેના પૈકી કયા છે ?
(A) આંતરિક સુરક્ષા ચંદ્રક, અસાધારણ આશુચન ચંદ્રક, ઉત્કૃષ્ટ અને અતિ ઉત્કૃષ્ટ સેવા ચંદ્રક
(B) આંતરિક સુરક્ષા ચંદ્રક, અતિ વિશિષ્ટતા સેવા ચંદ્રક, ઉત્કૃષ્ટ સેવા ચંદ્રક
(C) ગૃહ સુરક્ષા ચંદ્રક, આશુચન ચંદ્રક, અતિ ઉત્કૃષ્ટ સેવા ચંદ્રક
(D) અતિ વિશિષ્ટ સેવા ચંદ્રક, પરમ વિશિષ્ટ સેવા ચંદ્રક, આંતરિક સુરક્ષા ચંદ્રક
(Deputy Director of Prohibition and Excise, Class-1, Dt. 09-09-2018)

4. નેલ્સન મંડેલા આંતરરાષ્ટ્રીય દિવસ આખા વિશ્વમાં ________ ના રોજ ઉજવાય છે.
(A) 8 જુલાઈ
(B) 18 જુલાઈ
(C) 28 જુલાઈ
(D) આપેલ પૈકી એકપણ નહીં
(Deputy Director of Prohibition and Excise, Class-1, Dt. 09-09-2018)

5. ભારતમાં પ્રતિ વર્ષ 15 સપ્ટેમ્બરનો દિવસ 'નેશનલ એન્જીનીયર્સ ડે' તરીકે કોના માનમાં મનાવવામાં આવે છે ?
(A) ડો. હોમી ભાભા
(B) સર સી.વી. રામન
(C) એમ. વિશ્વેશ્વરીયા
(D) ઈ. શ્રીધરન
(Lecturer Shalkya Tantra, Class-I, Dt. 26-05-18)

6. નીચેના પૈકી કયા મહાનુભવો 'ભારત રત્ન (Bharat Ratna Award) એવોર્ડ મળેલ છે ?
(A) શ્રી એ.પી.જે. અબ્દુલ કલામ
(B) મધર ટેરેસા
(C) ખાન અબ્દુલ ગફારખાન
(D) ઉપરોક્ત બધાને 'ભારત રત્ન' એવોર્ડ મળેલ છે.
(Lecturer Prasuti & Striroga, Class-1, Dt. 27-05-2018)

7. સલીમ અલીનું નામ કયા ક્ષેત્રમાં જાણીતું છે ?
(A) પ્રાણી વિશારદ
(B) પક્ષી વિશારદ
(C) ભાષા વિશારદ
(D) નાડી વિશારદ
(Lecturer Prasuti & Striroga, Class-1, Dt. 27-05-2018)

8. ભારતમાં પ્રતિ વર્ષ 15 સપ્ટેમ્બરનો દિવસ 'નેશનલ એન્જીનીયર્સ ડે' તરીકે કોના માનમાં મનાવવામાં આવે છે ?
(A) ડો. હોમી ભાભા
(B) સર સી.વી. રામન
(C) એમ. વિશ્વેશ્વરીયા
(D) ઈ. શ્રીધરન
(Lecturer Shalkya Tantra, Class-I, Dt. 26-05-18)

9. નીચેના પૈકી કયા મહાનુભવો 'ભારત રત્ન (Bharat Ratna Award) એવોર્ડ મળેલ છે ?
(A) શ્રી એ.પી.જે. અબ્દુલ કલામ
(B) મધર ટેરેસા
(C) ખાન અબ્દુલ ગફારખાન
(D) ઉપરોક્ત બધાને 'ભારત રત્ન' એવોર્ડ મળેલ છે.
(Lecturer Prasuti & Striroga, Class-1, Dt. 27-05-2018)

10. સલીમ અલીનું નામ કયા ક્ષેત્રમાં જાણીતું છે ?
(A) પ્રાણી વિશારદ
(B) પક્ષી વિશારદ
(C) ભાષા વિશારદ
(D) નાડી વિશારદ
(Lecturer Prasuti & Striroga, Class-1, Dt. 27-05-2018)

11. સ્વ. મધર ટેરેસાને નીચેનામાંથી કયુ પારિતોષિક એનાયત થયુ હતું ?
(A) બુક પ્રાઈઝ
(B) પદ્મશ્રી
(C) નોબેલ
(D) કલિંગ પ્રાઈઝ
(Social Welfare Officer, Class-2, Dt. 07-01-2018)

12. પ્લેટો "વ્યક્તિવાદ કરતાં સમૂહવાદમાં ન્યાય હોવાનુ માને છે". પ્લેટો ના વર્ગયુક્ત રાજ્યમાં નીચેનામાંથી કયા વર્ગો છે ?
(A) શાસકો અને પ્રજા
(B) શાસકો, સહાયકો અને ઉત્પાદકો
(C) શાસકો, સહાયકો અને કામદારો
(D) આગળની એક પણ નહીં
(Social Welfare Officer, Class-2, Dt. 07-01-2018)

13. અમેરિકન સમાજશાસ્ત્રી લીસ્ટર બોર્ડે ન્યાય માટે કેવી સામાજિ નીતિની હિમાયત કરી છે ?
(A) સામાજિક સલામતી
(B) વર્ગમુક્ત સમાજ
(C) સુધારાત્મક ન્યાય
(D) તકોની મર્યાદારહિત સમાનતા
(Social Welfare Officer, Class-2, Dt. 07-01-2018)

14. બ્રિટીશ ચિંતક જે. એસ. મિલ લિખિત "ઓન લિબર્ટી" પુસ્તકમાં માનવ હક્કમાં કઈ સ્વતંત્રતાને તે વધારે સમર્થન આપે છે ?
(A) મહિલાઓની સ્વતંત્રતા
(B) વંચિતોની સ્વતંત્રતા
(C) વ્યક્તિગત સ્વતંત્રતા
(D) ગુલામોની સ્વતંત્રતા
(Social Welfare Officer, Class-2, Dt. 07-01-2018)

15. સ્વ, સ્વ વાસ્તવિકતા, સ્વ સાત્ય અને સ્વ વિકાસ અંગેનો વ્યક્તિગતનો સિદ્ધાંત કોણે આપ્યો છે ?
(A) કાર્લ રોજર્સ
(B) મેસ્લો
(C) મેરેનો
(D) શેલ્ડર
(Social Welfare Officer, Class-2, Dt. 07-01-2018)

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

# Police Inspector (Unarmed), Class-2

**Exam Date : 30-6-2019**

1. રાષ્ટ્રીય નાની બચત ફંડ (NSSF) બાબતે નીચેનાપૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?
   (A) તમામ નાની બચતોની રકમ ભારતના એકત્રિત ફંડમાં જમા કરવામાં આવે છે.
   (B) NSSF હેઠળના વ્યવહારો કેન્દ્રની રાજકોષીય ખાધને પ્રત્યક્ષ રીતે અસર કરતા નથી.
   (C) (A) અને (B) બંને
   (D) (A) અને (B) પૈકી કોઈ નહિં.

2. નીચેના પૈક કયું 'બેરોજગારીની જાળ' ને સાચી રીતે વર્ણવે છે ?
   (A) મજબુત આર્થિક વૃધ્ધિ છતાં રોજગારીની વૃધ્ધિમાં ઘટાડો થવો.
   (B) એવી પરિસ્થિતિ જ્યાં બેરોજગાર લોકો શ્રમમાં જોડાવા તૈયાર થતાં નથી.
   (C) એવી પરિસ્થિતિ જ્યાં મોટા ભાગના કામદારો ઓછું વેતન આપતા અસંગઠિત ક્ષેત્રમાં કામે લાગેલા હોય.
   (D) એવી પરિસ્થિતિ જ્યાં ઉભી કરવામાં આવેલી નોકરીઓની સંખ્યા નોકરી–બજારમાં પ્રવેશ કરતા લોકોની સંખ્યા કરતા ઓછી હોય.

3. ચલણના અવમૂલ્યનની નીચેના પૈકી કઈ સંભવિત અસર / અસરો છે ?
   1. વિદેશી વિનિમય બજારોમાં ચલણનાં મૂલ્યમાં ઘટાડો.
   2. નિકાસની ઊંચી સ્પર્ધાત્મકતા
   3. ઊંચો ફુગાવો
   4. આયાતની કિંમતમાં વધારો
   (A) ફકત 1 (B) ફકત 1, 2 અને 4
   (C) ફકત 2 અને 3 (D) 1, 2, 3 અને 4

4. ટેકાના ભાવ યોજના હેઠળ નીચેના પૈકી કઈ વસ્તુઓ પ્રાપ્ત કરવામાં આવે છે ?
   1. કઠોળ 2. બાગાયતી પાક
   3. તેલીબિયાં 4. કપાસ
   (A) ફકત 1 અને 4 (B) ફકત 2 અને 3
   (C) ફકત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

5. અસંગઠીત ક્ષેત્રના કામદારો માટેની સ્વાવલંબન પેન્શન યોજનાને .......... સાથે ભેળવી દેવામાં આવી છે.
   (A) પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના
   (B) પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના
   (C) અટલ પેન્શન યોજના
   (D) નેશનલ ફેમીલી બેનિફીટ સ્કીમ

6. ફીસકલ રીસ્પોન્સીબીલીટી એન્ડ બજેટ મેનેજમેન્ટ એક્ટ (FRBM), 2003 બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?
   (A) આ અધિનિયમ લાવવા પાછળનો મુખ્ય આશય રાજકોષીય ખાધને ઓછી કરવાનો અને તેને નિયત મર્યાદાઓમાં રાખવાનો છે.
   (B) તે રાજકોષીય ખાધ તેમજ મહેસૂલી ખાધ બંને સાથે સંકળાયેલ છે.
   (C) (A) અને (B) બંને
   (D) (A) અને (B) પૈકી કોઈ નહિં.

7. જોડકા જોડો.
   1. રાજકોષીય નીતિ a. માર્જિન મની
   2. ધિરાણનીતિ b. બેન્ક દર
   3. નાણાકીય નીતિ c. કર દર
   (A) 1-a, 2-c, 3-b (B) 1-c, 2-a, 3-b
   (C) 1-c, 2-b, 3-a (D) 1-b, 2-a, 3-c

8. તાજેતરમાં શરૂ કરવામાં આવેલી 'સૌભાગ્ય યોજના' .......... પુરૂ પાડવા બાબતની છે.
   (A) વીજળી (B) વૃધ્ધ પેન્શન
   (C) યુવાનોને રોજગારી (D) આંતરજાતીય લગ્નોને પ્રોત્સાહન

9. અલગ–અલગ દેશો વચ્ચે આર્થિક સંકલનની પ્રક્રિયામાં નીચેના પૈકી કયો સાચો ક્રમ છે ?
   (A) સીહયારું બજાર – મુકત વેપાર વિસ્તાર – આર્થિક સંપ – કસ્ટમ સંપ
   (B) મુકત વેપાર વિસ્તાર – સહિયારું બજાર – કસ્ટમ સંપ – આર્થિક સંપ
   (C) સહિયારું બજાર – મુકત વેપાર વિસ્તાર – કસ્ટમ સંપ – આર્થિક સંપ
   (D) મુકત વેપાર વિસ્તાર – કસ્ટમ સંપ – સહિયારું બજાર – આર્થિક સંપ

10. સરકારી અંદાજપત્રમાં મહેસૂલી ખાધ ........ દ્વારા ભરપાઈ થાય છે.
    1. ઉધાર 2. વિનિવેશ
    3. કર આવક 4. પરોક્ષ કરવેરા
    (A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 4
    (C) ફક્ત 3 અને 4 (D) ફક્ત 2 અને 4

11. નીચેના પૈકી કઈ આર્થિક આયોજનની મોટા પાયાની સિધ્ધિ નથી ?
    (A) રાષ્ટ્રીય આવકમાં વધારો (B) માથાદીઠ આવકમાં વધારો
    (C) ઔદ્યોગિકકરણ (D) રોજગારી

12. નાણા આયોગ રાષ્ટ્રપતિને નીચેના પૈકી કઈ બાબતોમાં ભલામણો કરે છે?
    (A) કેન્દ્ર અને રાજય વચ્ચે કરવેરાની વહેંચણી
    (B) અનુદાન અને ધિરાણનાં ભાગલાં
    (C) (A) અને (B) બંને
    (D) (A) અને (B) પૈકી કોઈ નહિં.

13. ........... થી વધુ વાર્ષિક ટર્નઓવર ધરાવતાં તમામ વેપારી એકમોએ GST હેઠળ નોંધણી કરાવવી પડે છે.
    (A) રૂા. 5 લાખ (B) રૂા. 20 લાખ
    (C) રૂા. 40 લાખ (D) રૂા. 50 લાખ

14. 14 મા નાણા આયોગે કેન્દ્રિય વિભાજનપાત્ર સામુહિક કરવેરા નિધિમાં રાજ્યોનો હાલનો 32% નો હીસ્સો વધારીને .......... કર્યો છે
    (A) 35% (B) 39%
    (C) 42% (D) 50%

15. નીચેના પૈકી કઈ પંચવર્ષીય યોજનાનો હેતુ સૌ પ્રથમ વખત "સમાવર્તી વૃધ્ધિ" આપવામાં આવ્યો હતો ?
    (A) 9 મી પંચવર્ષીય યોજના (B) 10 મી પંચવર્ષીય યોજના
    (C) 11 મી પંચવર્ષીય યોજના (D) 12 મી પંચવર્ષીય યોજના

16. GST ને કારણે રાજ્ય સરકારોને થયેલી ખોટ કેન્દ્ર સરકાર .......... વર્ષ માટે ભરપાઈ કરશે.
    (A) 3 (B) 4

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS


વર્તમાન પ્રવાહો માટે દર સોમવારે પ્રસિદ્ધ થતું ફ્રી ઓનલાઈન મેગેઝિન ICE MAGIC

## Gujarat Administrative Service, Class-1, Gujarat Civil Service, Class-1 & Class-2 & Gujarat Municipal Chief Officer Service, Class-2 (CSP - 01) Exam Date : 13/10/2019

1. સિંધુ ખીણની સંસ્કૃતિ વિશે નીચે આપેલાં વિધાનોમાંથી કયું(યાં) વિધાન(નો) સાચું / સાચાં છે?
   1. હડપ્પામાં ઈ.સ.1921માં પ્રથમવાર અને ત્યારબાદ ઈ.સ.1922માં મોહેં–જો–દડોમાં સિંધ પ્રદેશની આ સંસ્કૃતિની ઓળખ છતી થઈ.
   2. બંને શહેરોનાં ઉત્કૃષ્ટ પરિમાણો, રાજકીય કેન્દ્રીયકરણને સૂચવે છે, કાં તો બે મોટા રાજ્યો તરીકે અથવા તો એક સામ્રાજ્ય તરીકે વૈકલ્પિક રાજધાનીઓ સાથે.
   3. કાઠિયાવાડ દ્વીપકલ્પ અને એથી આગળ દક્ષિણ વિસ્તારની સભ્યતા, સિંધુ સંસ્કૃતિનાં પ્રમુખ સ્થળોની સરખામણીમાં પાછળથી વિકસ્યાં હોય એમ જણાય છે.

   (A) માત્ર 1 અને 2 (B) માત્ર 1 અને 3
   (C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3

2. કયા અંગ્રેજી વિદ્વાને ભગવદ્ગીતાનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો?

   (A) વિલિયમ જેમ્સ (B) ચાર્લ્સ વિલ્કિન્સ
   (C) લોર્ડ મેકોલે (D) વિલિયમ બેન્ટિક

3. ગાંધાર કલાશૈલી વિશે નીચે પૈકી કયું(યાં) વિધાન(નો) સાચું / સાચાં છે?
   1. પ્રાચીન ભારતીય ઇતિહાસમાં પ્રમુખ કલાશૈલીઓમાંની એક ગાંધાર કલાશૈલી હતી અને તે અનન્ય રીતે ગ્રીકો–રોમન શૈલીની કલા સાથે સંકળાયેલી હતી.
   2. મહાયાન બૌધ્ધવાદ સાથે ગાંધાર કલાશૈલી ઘનિષ્ઠ રીતે સંકળાયેલી હોવાને કારણે આ કલાનાં મુખ્ય વિષયવસ્તુ (main theme) ભગવાન બુધ્ધ અને બોધિસત્ત્વો રહ્યા.
   3. અફઘાનિસ્તાન અને હાલના ઉત્તર–પશ્ચિમ ભારતના વિસ્તારોમાં આ કલાશૈલી મુખ્યત્વે વિકસી અને તક્ષશિલા, પેશાવર, બગરામ અને બામિયાન એનાં પ્રમુખ સ્થાનો હતાં.

   (A) માત્ર 1 અને 2 (B) માત્ર 1 અને 3
   (C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3

4. વિજયનગરના સામ્રાજ્ય વિશે નીચે પૈકી કયું(યાં) વિધાન(નો) સાચું / સાચાં છે?
   1. વિજયનગર સામ્રાજ્ય 1336માં સ્થપાયું અને બે શતકોથી વધુ એ પ્રભાવશાળી સત્તા તરીકે દક્ષિણ ભારતમાં ટક્યું.
   2. હરિહર અને બુક્કા નામના બે ભાઈઓએ વિજયનગર સામ્રાજ્યની સ્થાપના કરી.
   3. બુક્કાએ વ્યવસ્થાતંત્રના સ્થોલા, નાડુ અને સીમા નામના એકમો રચ્યાં અને સ્થાનિક વ્યવસ્થાતંત્રને ચલાવવા અને મહેસૂલ વસૂલવા માટે અધિકારીઓની નિમણૂક કરી.
   4. ઈ.સ. 1347માં બહમની સલ્તનતની સ્થાપના નવા અને મોટા ખતરારૂપ હતી, બહમની સલ્તનત તરફનું જોખમ નિવારવા માટે હરિહરે સામ્રાજ્યના વિસ્તૃતીકરણની પ્રવૃત્તિઓને ઘટાડવાની ફરજ પડી હતી.

   (A) માત્ર 1, 3 અને 4 (B) માત્ર 1, 2 અને 4
   (C) માત્ર 2 અને 3 (D) 1, 2, 3 અને 4

5. ગદર આંદોલન સંદર્ભે નીચે પૈકી કયાં વિધાનો સાચાં છે?
   1. ભારત દેશમાં બ્રિટીશ શાસનને ઉથલાવવા માટે નાણાં એકત્ર કરવા અને સમર્થન આપવા સમર્પિત, દેશનિકાલ થયેલા પંજાબીઓના ગઠબંધન રૂપે, 1913 માં કેલિફોર્નિયામાં ગદર આંદોલન શરૂ થયું.
   2. તેનું આયોજન એક પંજાબી લાલાલજપત રાય અને બિપિનચંદ્ર પાલની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું.
   3. ગદર આંદોલન અંતર્ગત પત્રિકાઓ છાપવા માટે અને ભારતની ક્રાંતિ માટે હથિયારો અને સ્વયંસેવકો મોકલવા માટેનું આયોજન કર્યું હતું.
   4. 1920ના દાયકામાં, જોકે, ગદર પાર્ટીનું પુનર્ગઠન કરવામાં આવ્યું હતું અને ભારતીય આઝાદીના સમય 1947 સુધી તે પંજાબી અને શીખોની ઓળખ માટેના કેન્દ્રીય બિંદુ (focal point) તરીકે ચાલુ રહ્યું.

   (A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 2, 3 અને 4
   (C) માત્ર 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

6. નીચે પૈકી કઈ જોડી(ઓ) ખરી છે?
   1. પાર્શ્વનાથ – બનારસના રાજા અશ્વસેનના પુત્ર
   2. મલ્લિનાથ – મિથિલાના રાજાની પુત્રી
   3. રીષભનાથ – બળદનું પ્રતીક
   4. નેમિનાથ – શ્રીકૃષ્ણના પિતરાઈ

   (A) માત્ર 2 અને 3 (B) માત્ર 1, 2 અને 4
   (C) 1, 2, 3 અને 4 (D) માત્ર 1, 2 અને 3

7. નીચે પૈકી કયાં વિધાનો સાચાં છે?
   1. જ્યારે એલેકઝાંડરે ભારત પર આક્રમણ કર્યું ત્યારે આમ્ભી તક્ષશિલાના રાજા હતા.
   2. પોરસનું રાજ્ય ઝેલમ અને ચિનાબ નદીની વચ્ચે હતું.
   3. ઝેલમના કિનારે એલેકઝાંડરે Boukephala (Bucethala) શહેરની સ્થાપના કરી.
   4. એલેકઝાંડરે 2 લાખ બળદ ભારતથી મૈસેડોનિયા મોકલ્યા.

   (A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 4
   (C) 1, 2, 3 અને 4 (D) માત્ર 1, 2 અને 4

8. નીચે પૈકી કયાં વિધાનો સાચાં છે?
   1. ઈલોરાનું પ્રખ્યાત કૈલાશ મંદિર રાષ્ટ્રકૂટના રાજા ક્રિષ્ના–I એ બાંધ્યું હતું
   2. રાષ્ટ્રકૂટના રાજ્યકાળમાં લોકસેને 'મહાપુરાણ' રચ્યું હતું.
   3. તાંજોરના રાજરાજેશ્વર મંદિરમાં 400 નૃત્યાંગનાઓ હતી.
   4. કંબનનું 'રામાવતારમ' તમિળનું મહાન મહાકાવ્ય ગણાય છે.

   (A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3
   (C) માત્ર 1 અને 4 (D) 1, 2, 3 અને 4

9. કનિષ્કા વિશે નીચે પૈકી કયાં વિધાનો સાચાં છે?
   1. તેની રાજધાની પુરુષપુર હતી.
   2. ચીની જનરલ પાન–ચાઓ (Pan-Chao) એ તેને હરાવ્યો હતો.
   3. તેણે ત્રીજી બૌધ્ધ પરિષદનું આયોજન કર્યું હતું.
   4. તેના રાજ્યકાળમાં મથુરા કલાનું મહાન કેન્દ્ર બન્યું.

   (A) માત્ર 1, 2 અને 4 (B) માત્ર 1 અને 3
   (C) માત્ર 2 અને 4 (D) માત્ર 3 અને 4

10. કુમારપાળ સોલંકી વિશે નીચે પૈકી કયાં વિધાનો સાચાં છે?
    1. વૈષ્ણવવાદના અનુયાયી હતા.
    2. વાગ્ભટ્ટ એમના મહામાત્ય હતા.
    3. એમણે જુગાર, હિંસા અને દારૂના વપરાશ પર પ્રતિબંધ મૂક્યો હતો.
    4. તેમણે ભાવ બૃહસ્પતિને સોમનાથના મહંત તરીકે નિમ્યા હતા.

    (A) માત્ર 2, 3 અને 4 (B) માત્ર 1 અને 2
    (C) માત્ર 3 અને 4 (D) 1, 2, 3 અને 4

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

# Deputy Section Officer/Deputy Mamlatdar, Class-3

Exam Date : 8/12/2019

1. સિંધુ ખીણની સંસ્કૃતિના અવશેષો નીચેના પૈકી કયા વિસ્તારોમાંથી મળી આવ્યાં છે ?

   i. અફઘાનિસ્તાન ii. જમ્મુ

   iii. બલુચિસ્તાન (પાકિસ્તાન) iv. ગુજરાત

   (A) ફક્ત i અને ii (B) ફક્ત ii, iii અને iv

   (C) ફક્ત iii, અને iv (D) i, ii, iii અને iv

2. ગુજરાતના પ્રાચિન ઈતિહાસ માટેનો મહત્વનો આધારભૂત ગ્રંથ, 'પ્રબોધ ચિંતામણિ' .......... એ રચ્યો હતો.

   (A) મેરુતુંગસૂરિ (B) હેમચંદ્રાચાર્ય

   (C) મહેન્દ્રપ્રભસૂરિ (D) જિનપદ્મ

3. ફિરંગીઓએ..........ને હરાવીને ગુજરાતના સાગરકિનારે મજબૂત કિલ્લેબંધી કરી હતી.

   (A) મુહમ્મદશાહ ત્રીજા (B) બહાદુરશાહ

   (C) અહમદશાહ ત્રીજા (D) સિકંદરશાહ

4. નીચેના પૈકી કયા સંતો નિર્ગુણ ભક્તિધારાના પ્રતિનિધિઓ હતાં ?

   i. કબીર ii. રૈદાસ

   iii. નાનક iv. દાદુ દયાળ

   (A) ફક્ત i (B) ફક્ત i, ii

   (C) ફક્ત i, ii, અને iii (D) i, ii, iii અને iv

5. 'કવ્વાલી' નામની ગાન પધ્ધતિનો વિકાસ .......... એ કર્યો.

   (A) અમીર ખુસરો (B) શર્કી સુલતાન

   (C) માળવાના સુલતાન બાજ બહાદુર (D) ખોરાસાની

6. મરાઠા સંઘ તૂટી પડ્યા બાદ પેશવાની સત્તા ફક્ત .......... માં રહી.

   (A) ગ્વાલિયર (B) વડોદરા

   (C) પૂના (D) નાગપુર

7. ..........ની અધ્યક્ષતા નીચે નીમવામાં આવેલા ન્યાયપંચે ભારતીય કાયદાની સંહિતા તૈયાર કરી, તેને પરિણામે 'ઈન્ડિયન પિનલ કોડ' જેવી ન્યાય સંહિતાઓ તૈયાર થઈ.

   (A) કોર્નવોલીસ (B) વિલિયમ બેન્ટિક

   (C) મેકોલે (D) મિન્ટો

8. .......... ઘણા અંશે ખ્રિસ્તી સિધ્ધાંતો અને આચારોના હિમાયતી હતાં અને તેમના અનુસાર પાશ્ચાત્ય આદર્શોમાં રહેલી સમાનતાનો આશ્રય લઈ જાતિપ્રથાનો વિરોધ કરવો જોઈએ.

   (A) દેવેન્દ્રનાથ ટાગોર (B) કેશવચંદ્ર સેન

   (C) રામકૃષ્ણ ભંડારકર (D) મહાદેવ ગોવિંદ રાનડે

9. .......... એ હિંદુસ્તાની જજ અંગ્રેજોના મુકદમા પણ ચલાવી શકે એવી જોગવાઈ કરતું ઈલ્બર્ટ બિલ ધારાસભામાં પસાર કરાવવા તજવીજ કરી.

   (A) લોર્ડ લીટ્ટન (B) લોર્ડ રિપન

   (C) લોર્ડ મેકોલે (D) લોર્ડ વિલિયમ બેન્ટિક

10. સરદાર વલ્લભભાઈ પટેલ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

    i. તેઓએ પ્રથમ ગોધરામાં વકીલાત શરૂ કરી.

    ii. તેઓ 1917 માં મુંબઈ નગરપાલિકાના પ્રમુખ બન્યા.

    iii. તેઓએ 1923 માં નાગપુર ઝંડા સત્યાગ્રહનું સુકાન સંભાળ્યું.

    (A) ફક્ત i અને ii (B) ફક્ત i અને iii

    (C) ફક્ત ii, અને iii (D) i, ii,અને iii

11. ભારતમાં પ્રાચિનકાળમાં વિનિમયના સાધન તરીકે વપરાતી કોડીને ગુજરાતમાં .......... નામે ઓળખવામાં આવતી હતી.

    (A) કોકિણી (B) ભાગક

    (C) કાપર્દક (D) વરાટક

12. જૂનાગઢના ઉપરકોટની ગુફાઓ કયા ધર્મની સ્થાપત્યકળા ધરાવે છે ?

    i. બૌધ્ધ ii. જૈન

    (A) ફક્ત i (B) ફક્ત ii

    (C) i અને ii બંને (D) i અને ii પૈકી કોઈ નહીં

13. નીચેના પૈકી કયા ભીમદેવ–I ના સમયના પ્રસિધ્ધ સ્થાપત્યકીય સ્મારકો છે ?

    i. મહમૂદ ગઝનવી દ્વારા તોડવામાં આવેલા સોમનાથનું પુનઃ નવું મંદિર

    ii. આબુ પરની વિમલસતિ

    iii. મોઢેરાનું સૂર્યમંદિર

    (A) ફક્ત i અને ii (B) ફક્ત ii અને iii

    (C) ફક્ત i અને iii (D) i, ii અને iii

14. કાશ્મીરનો કવિ બિલ્હણ દખ્ખણ જતાં પહેલાં થોડો સમય ગુજરાતમાં રહ્યો અને એ દરમ્યાન એણે .......... ના પ્રણય અને પરિણય ઉપર નાટિકા રચી.

    (A) સિધ્ધરાજ જયસિંહ (B) માલવપતિ મૂંજ

    (C) કર્ણદેવ–I (D) કુમારપાલ

15. પાટણનું સહસ્ત્રલિંગ સરોવર અગાઉ .......... સરોવરના નામે ઓળખાતું હતું.

    (A) સ્વાતિ (B) દુર્લભ

    (C) અણહિલ (D) ઉદયમતિ

16. સોલંકી કાળમાં નીચેના પૈકી કઈ કાલગણનાનો ઉપયોગ થતો હતો ?

    i. વિક્રમ સંવત ii. સિંહ સંવત

    (A) ફક્ત i (B) ફક્ત ii

    (C) i અને ii બંને (D) i અને ii પૈકી કોઈ નહીં

17. રાજા કુમારપાલે વ્યાકરણ વિષયક .......... નામે ગ્રંથ લખ્યો.

    (A) ગણ દર્પણ (B) પ્રમાણમીમાંસા

    (C) તરંગવઈ (D) વસંતવિલાસ

18. અમેરિકામાં ભારતની સ્વાતંત્ર્ય ચળવળમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ ચલાવનાર લાલા હરદયાલના સૂચનથી 'ગદર' નામનું સાપ્તાહિક નીચેના પૈકી કઈ ભાષાઓમાં પ્રસિધ્ધ કરવામાં આવતું હતું ?

    i. અંગ્રેજી ii. ઉર્દૂ iii. મરાઠી iv, ગુરુમુખી

    (A) ફક્ત i અને ii (B) ફક્ત i, ii અને iii

    (C) ફક્ત i , ii અને iv (D) i, ii ,iii અને iv

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS

# Accounts Officer, Gujarat Account Service Class-2

**Exam Date : 5/1/2020**

1. બૌધ્ધ અને જૈન સાહિત્યમાં ઉલ્લેખિત સોળ મહાજનપદોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે ?

i. અંગ  ii. મગધ
iii. કાશી  iv. કોસલ

(A) ફક્ત i, ii અને iii  (B) ફક્ત ii, iii અને iv
(C) ફક્ત i, ii, અને iv  <u>(D) i, ii, iii અને iv</u>

2. મૌર્યકાલીન પ્રશાસનમાં રાજકોશનો કારભાર કરનાર ......... કહેવાતો.

<u>(A) અમાત્ય સંનિધાતા</u>  (B) તોષલી
(C) અક્ષપટલ  (D) સૂત્રા

3. સમ્રાટ અશોક ........... બૌધ્ધ સંપ્રદાયનો અનુયાયી હતો.

(A) મહાસંધિક  <u>(B) થેરવાદ</u>
(C) પાશુપત  (D) પૌતવ

4. વાકાટક રાજ્યના અભિલેખોમાં ........... ને "ગુપ્તોનો આદિરાજ" (આધરાજ) જણાવીને ગુપ્ત રાજવંશનો પરિચય એ રાજાથી શરૂ કર્યો છે.

(A) ચન્દ્રગુપ્ત પહેલો  (B) રુદ્રદામા
<u>(C) ઘટોત્કચ</u>  (D) પુષ્યમિત્ર

(નોંધ : GPSC દ્વારા આ પ્રશ્ન રદ કરવામાં આવેલ છે.)

5. ગુપ્ત સામ્રાજ્ય શાસન દરમ્યાન ન્યાયિક કામ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. ફોજદારી ગુનામાં વળતર કરતા દંડ પર વિશેષ ધ્યાન અપાતું.
ii. બ્રાહ્મણને ગમે તેટલા ગંભીર ગુના માટે પણ દેશાંતદંડની સજા થતી નહીં, એને માટે ભારેમાં ભારે સજા દેશકાલની હતી.
iii. ફોજદારી ગુના માટે શુદ્ર કરતાં ક્ષત્રિયને બમણી અને બ્રાહ્મણને ચારગણી સજા થતી.

(A) ફક્ત i અને ii  (B) ફક્ત i અને iii
(C) ફક્ત ii, અને iii  <u>(D) i, ii,અને iii</u>

6. મૌર્ય સામ્રાજ્યની પડતી પછી ભારતમાં નીચેના પૈકી કઈ વિદેશી સત્તાઓ પ્રવર્તતી હતી ?

i. યવનો  ii. શકો  iii. કુષાણો

(A) ફક્ત i અને ii  (B) ફક્ત i અને iii
(C) ફક્ત ii, અને iii  <u>(D) i, ii,અને iii</u>

7. ગુજરાતમાં ગુપ્ત સમ્રાટોનું આધિપત્ય ........... ના સમય સુધી ચાલુ રહ્યુ.

<u>(A) સ્કંદગુપ્ત વિક્રમાદિત્ય</u>  (B) સમુદ્રગુપ્ત
(C) ચંદ્રગુપ્ત બીજો  (D) કુમારગુપ્ત

8. ગુજરાતના મોટા ભાગ પર શાસન કરતા વલભીના મૈત્રકોનું રાજ્ય સિંધના આરબોના હુમલાને લઈને તૂટી પડયા બાદ ગુજરાતમાં ઉત્તરના ........... અને દક્ષિણના ........... ની સત્તા પ્રવર્તી.

(A) સાતવાહન, ચાલુક્ય  (B) ચાલુક્ય, સાતવાહન
<u>(C) પ્રતીહારો, રાષ્ટ્રકૂટો</u>  (D) રાષ્ટ્રકૂટો, પ્રતીહારો

9. અરવલ્લી જિલ્લાના શામળાજી ગામમાં 'હરીશચંદ્રની ચોરી' ના નામે ઓળખાતા તોરણ પાસે આવેલા પ્રાચીન મંદિરમાં ............ શૈલીના શિખર સ્વરૂપનો વિકાસ જોવા મળે છે.

i. દ્રવિડ  ii. નાગર

(A) ફક્ત i  <u>(B) ફક્ત ii</u>
(C) ફક્ત i, અને ii  (D) i,અને ii પૈકી કોઈ નહીં

10. ............ એ બંગાળ, બિહાર અને ઓરીસ્સાની દ્વિસરકાર નાબૂદ કરી હતી.

(A) વેલેસ્લી  <u>(B) વોરન હેસ્ટિંગ્સ</u>
(C) કોર્નવોલિસ  (D) કર્ઝન

11. ડેલહાઉસીએ નીચેના પૈકી કયા રાજ્યોને ખાલસા કર્યા હતા ?

i. સાતારા  ii. સાંબલપુર
iii. નાગપુર

(A) ફક્ત i અને ii  (B) ફક્ત i અને iii
(C) ફક્ત ii, અને iii  <u>(D) i, ii,અને iii</u>

12. ભારતમાં બ્રિટિશ ઈસ્ટ ઈન્ડીયા કંપની દ્વારા સૌ પ્રથમ પ્રાયોગાત્મક ધોરણે ટેલિગ્રાફ સેવાઓ ............ અને ............ વચ્ચે શરૂ કરવામાં આવી હતી.

(A) પેશાવર, મુંબઈ  <u>(B) કલકત્તા, ડાયમંડ હાર્બર</u>
(C) પુના, થાણે  (D) મુંબઈ, મદ્રાસ

13. 1857 ની ક્રાન્તિ દરમિયાન ગુજરાતમાં થયેલી પ્રવૃત્તિઓ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. વડોદરાના મહારાજા ખંડેરાવના સાવકાભાઈ બાપુ ગાયકવાડ, પાટણના મગનલાલ વાણિયા અને વડોદરાના નિહાલચંદ્ર ઝવેરીએ ખંડેરાવને પદભ્રષ્ટ કરી ગુજરાતમાં અંગ્રેજોનું શાસન નાબુદ કરવાની યોજના ઘડી હતી.
ii. મંટોડી (ઈડર રાજ્ય તાબાના)ના ઠાકોર સૂરજમલે વિદ્રોહ કર્યો.
iii. ઓખા - દ્વારકાના વિસ્તારમાં જોધા માણેકની આગેવાની હેઠળ વિદ્રોહ થયો.

(A) ફક્ત i અને ii  (B) ફક્ત i અને iii
(C) ફક્ત ii, અને iii  <u>(D) i, ii,અને iii</u>

14. ટી. માધવરાવ નીચેના પૈકી કયા રાજ્યોમાં દિવાન તરીકે સેવાઓ આપી છે ?

i. વડોદરા  ii. ત્રાવણકોર
iii. ઈંદોર

(A) ફક્ત i અને ii  (B) ફક્ત i અને iii
(C) ફક્ત ii, અને iii  <u>(D) i, ii,અને iii</u>

15. જોડકા જોડો.

| | |
|---|---|
| i. ધી ડીપ્રેસ્ડ કલાસ મિશન | a. રાજા રામમોહન રાય |
| ii. સોશ્યલ સર્વિસસ લીગ | b. બાલગંગાધર તીલક |
| iii. ડેક્કન એજ્યુકેશન સોસાયટી | c. નારાયણ મલ્હાર જોશી |
| iv. સંબાદ કૌમુદી | d. વિઠ્ઠલ રામજી શિંદે |

<u>(A) i-d, ii-c, iii-b, iv-a</u>  (B) i-d, ii-c, iii-a, iv-b
(C) i-c, ii-d, iii-b, iv-a  (D) i-c, ii-d, iii-a, iv-b

16. 1872 ના 'ધ નેટિવ મેરેજ એક્ટ' બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે?

i. આ કાયદાથી 16 વર્ષની નીચેની વયની છોકરીઓના લગ્નની મનાઈ કરવામાં આવી.
ii. બહુપત્ની પ્રથાને ગુનો તરીકે ગણવામાં આવી.
iii. વિધવા પુર્નલગ્નને અને આંતરજ્ઞાતિય લગ્નને માન્ય રાખવામાં આવ્યાં.

(A) ફક્ત i અને ii  (B) ફક્ત i અને iii
<u>(C) ફક્ત ii, અને iii</u>  (D) i, ii,અને iii

17. ભારતમાં ટોડરમલ દ્વારા શરૂ કરવામાં આવેલી રૈયતવારી પ્રથાને બ્રિટીશ શાસનમાં ફરીથી ............ એ સ્થાન આપ્યું અને તેઓએ આ પ્રથા 1792 માં ............ પ્રાંતમાં દાખલ કરી.

(A) લોર્ડ રિપન, બંગાળ  (B) વિલિયમ વિલ્સન હંટર, બિહાર

DEMO COPY
INSTITUTE FOR COMPETITIVE EXAMS